# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૦-૦૫-૨૦૨૨

- **કોંગ્રેસની સરકાર બનશે તો બે-ત્રણ લોકોનું નહીં જનતાનો અવાજ સરકાર સાંભળશે.**
- **કોંગ્રેસ પક્ષ અંબાજીથી ઉમરગામ સુધી 10 લાખ આદિવાસી પરિવાર સાથે જનસંપર્ક કરશે.**
- **દાહોદ ખાતે આદિવાસી સત્યાગ્રહ રેલીમાં જંગી જનમેદની ઉમટી.**
- **આદિવાસીઓને જળ, જંગલ અને જમીનના અધિકાર મળશે : દાહોદ ખાતે આદિવાસી સત્યાગ્રહમાં શ્રી રાહુલ ગાંધીનુ વચન.**

દાહોદ ખાતે હજારોની સંખ્યામાં ઉમેટલા આદિવાસી સમાજને 'આદિવાસી સત્યાગ્રહ રેલી'માં સંબોધન કરતા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, આ એક પબ્લિક મિટિંગ નથી, એક સત્યાગ્રહની શરૂઆત છે. આજે દેશમાં બે ભારત બની રહ્યાં છે, એક અમીરો અને બીજુ આમ જનતાનું છે. પહેલા આ મોડલ ગુજરાતમાં ટેસ્ટ કરવામાં આવ્યું અને પછી તેને ભારતમાં લાગુ કરાયું છે. દેશમાં બે ભારતની જરૂર નથી લોકોને એવા ભારતની જરૂર છે કે જેમાં સૌને સમાન હક્ક અને સમાન સુવિધા મળે. આદિવાસીઓને શિક્ષણ, રોજગાર, આરોગ્ય સહિતની સુવિધાઓ ભાજપનાં શાસનમાં મળી નથી. કોંગ્રેસ પક્ષ નાગરિકોનાં અવાજને આંદોલનના માધ્યમથી બહાર કાઢવા માંગીએ છીએ. કોંગ્રેસ આ અવાજને એટલો મજબૂત કરશે કે બેહરી ભાજપ સરકારને પણ સંભળાય. કોંગ્રેસની સરકારમાં જળ, જંગલ જમીન માટે કાયદો, મનરેગાનો કાયદો, સહિતનાં હક્ક અને અધિકાર આપતા કાયદો દ્વારા આદિવાસી સમાજને સશક્ત કર્યા. અણઘડ જીએસટીથી ગરીબોને નુકસાન અને અમીરોને ભાજપ સરકારે ફાયદો કરાયો છે.

આદિવાસી સત્યાગ્રહ સભાને સંબોધન કરતા શ્રી રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકાર બનશે તો બે-ત્રણ લોકોનું નહીં જનતાનો અવાજ સરકાર સાંભળશે. આખા વિશ્વમાં ગુજરાત એવું રાજ્ય છે જ્યાં આંદોલન કરવા માટે પણ પરમિશનની જરૂર છે. કોંગ્રેસ પક્ષ દ્વારા છત્તીસગઢની જેમ ગુજરાતમાં પણ ગરીબ બાળકો માટે અંગ્રેજી માધ્યમની સ્કૂલો શરૂ કરવામાં આવશે. ભાજપ સરકાર માત્ર ઢાલા વચન અને વાતો કરીએ આદિવાસી નાગરિકોને છેતરી રહી છે. શ્રી રાહુલ ગાંધીજીનાં બોલાવેલા "જય જોહર"નાં નારાને વિશાળ જન મેદનીએ બે હાથ ઊંચા કરી આવકાર આપ્યો હતો.

આદિવાસી સત્યાગ્રહ સભાને સંબોધન કરતા ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. રઘુ શર્માએ જણાવ્યું હતું કે, આ રેલી નથી સત્યાગ્રહની શરૂઆત છે, કોંગ્રેસ 125 વિધાનસભાની બેઠક જીતશે. આદિવાસી સત્યાગ્રહ રેલીમાં આદિવાસી સમાજના સળગતા પ્રશ્નો, આદિવાસી અસ્મિતા, સંસ્કૃતિ

માટે લડતનો નિર્ધાર જાહેર કરાશે, જેમાં આદિવાસી પત્રમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ એક્ટ 2019 રદ કરવા, કોંગ્રેસ સરકાર દ્વારા 1996માં લાવવામાં આવેલો ભૂરિયા કમિટીના PESA કાયદાનો સંપૂર્ણ અમલ કરવા, સરકારી શાળાઓ અને સરકારી હોસ્પિટલોને બંધ કરવા કે ખાનગીકરણ તાત્કાલિક અટકાવવા તેમજ એમાં સુવિધાઓ વધારવા અને દરેક વ્યક્તિને મફત શિક્ષણ અને સારવાર પૂરી પાડવા કોંગ્રેસ લડત આપશે.

આદિવાસી સત્યાગ્રહ સભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, તાપી-પાર લિંક પ્રોજેક્ટ અને વેદાંતા સહિત જુદા જુદા પ્રોજેક્ટ લાવી આદિવાસી સમાજની જળ, જંગલ અને જમીન છીનવવાનું કાવતરું ભાજપ સરકાર કરી રહી છે, કોંગ્રેસ પક્ષ અંબાજીથી ઉમરગામ સુધી 10 લાખ આદિવાસી પરિવાર સાથે જનસંપર્ક કરવામાં આવશે ભાજપ સરકાર કરી રહી છે. સરકારી શાળાઓને બંધ કે ખાનગીકરણ કરી આદિવાસી બાળકોને શિક્ષણથી વંચિત કરવાનું ગુનાહિત કૃત્ય ભાજપ સરકાર કરી રહી છે. આદિવાસી સમાજનાં ભાઈ-બહેનોને તેમના બંધારણીય હક્ક અને અધિકાર મળે એ માટે કોંગ્રેસ પક્ષ લડત આપી રહ્યો છે.

આદિવાસી સત્યાગ્રહ મહારેલીમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી શ્રી અમિત ચાવડા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી કાંતીલાલ ભૂરીયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી પરેશ ધાનાણી, પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. તુષાર ચૌધરી, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી નારણભાઈ રાઠવા, એ.આઈ.સી.સી.ના મંત્રી અને ગુજરાતના સહ પ્રભારી શ્રી રામકિશન ઓઝા, શ્રી બી.એમ. સંદીપ, શ્રી વિરેન્દ્રસિંઘ રાઠોડ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી હાર્દિક પટેલ, ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી મોહનસિંહ રાઠવા, રાજ્ય સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ અને શ્રી અમીબેન યાજ્ઞિક તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. ધારાસભ્યશ્રી ચંદ્રિકાબેન બારીયાએ સ્વાગત પ્રવચન, ધારાસભ્યશ્રી વજેસિંહ પણદાએ આભાર વિધી કરી હતી તેમજ કાર્યક્રમનું સફલ સંચાલન દાહોદ જીલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી હર્ષદ નીનામાંએ કર્યું હતું.

દાહોદની ઐતિહાસિક આદિવાસી સત્યાગ્રહ સભામાં સત્યાગ્રહ પત્રનું વાચન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે કર્યુ હતું. સત્યાગ્રહ માટેની કીટ, સત્યાગ્રહ એપ તથા સત્યાગ્રહની વેબસાઈટ www.adiwasisatyagrah.inનો પણ રાહુલ ગાંધીના હસ્તે આરંભ કરાયો હતો. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતાશ્રી સુખરામ રાઠવાજીએ શ્રી રાહુલ ગાંધીજીને આદિવાસી સમાજની કળા અને સંસ્કૃતિની ઓળખસમા પિઠોરા ભીત ચિત્ર ભેટ આપ્યું હતું, શ્રી હર્ષદભાઈ નિનામા દ્વારા પરંપરાગત રીતે શ્રી રાહુલ ગાંધીજીને ચાંદીનો કંદોરો પહેરાવી સ્વાગત કર્યું હતું, કોંગ્રેસના ધારાસભ્યશ્રી વજેસિંહ પણદાએ શ્રી રાહુલ ગાંધીજીને તિર કમાન આપી સ્વાગત કર્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા

**નોંધ : કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**